Extra No. 96

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette
EXTRAORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. LXVII] WEDNESDAY, APRIL 1, 2026 / CHAITRA 11, 1948

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

વંચાણે લીધા:-

૧. જિલ્લા શિક્ષણાધિકારી, અરવલ્લી જિલ્લો મોડાસાના પત્ર ક્રમાંક:બ-૩/પરીક્ષા/૨૦૨૫-૨૬/૫૯૭૨ તા. ૧૨/૦૩/૨૦૨૬

૨. ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩.

-:જાહેરનામું:-

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ થી અન્વયે.

નં:ડીસી/પી.ઓ.એલ/પરીક્ષા/જાહેરનામું/વશી/૧૩૮/૨૦૨૬.-વંચાણે લીધેલ પત્ર-૧ની વિગતે ગુજરાત કોમન એન્ટ્રન્સ ટેસ્ટ(ગુજકેટ)પરીક્ષા-૨૦૨૬, તા.૨૯.૦૩.૨૦૨૬ના રોજ સવારના ૯.૩૦ કલાકથી બપોરના ૧૬.૦૫ કલાક દરમિયાન અરવલ્લી જિલ્લાના સામેલ યાદી મુજબના કેન્દ્ર ઉપર પરીક્ષા યોજાનાર છે. જેથી જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, અરવલ્લી-મોડાસા દ્વારા અમુક કૃત્યો ઉપર મનાઈ હુકમ ફરમાવવા જાહેરનામું બહાર પાડવા દરખાસ્ત કરેલ છે.

ઉક્ત વિગતો ધ્યાને લેતાં પરીક્ષા સમય દરમિયાન જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઇ રહે તે સારૂ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ મુજબનું જાહેરનામું બહાર પાડવું જરૂરી જણાય છે.

વાસ્તે હું ડી. વી. મકવાણા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અરવલ્લી-મોડાસા ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ થી મને મળેલ સત્તાની રૂએ હુકમ કરું છું કે, સદર પરીક્ષા સમય દરમિયાન તથા પરીક્ષાની કામગીરી પૂર્ણ ન થાય ત્યાં સુધી અરવલ્લી જિલ્લાના સામેલ યાદી મુજબના પરીક્ષા કેન્દ્રોની અંદર તથા તેની સીમાથી ૧૦૦ મીટરની ત્રિજયામાં કોઈપણ વ્યકિત પરીક્ષા સમય દરમ્યાન મોબાઇલ/સેલ્યુલર ફોન/પેજર/કોર્ડલેસ ફોન/બ્લુટુથ ડીવાઈઝ/સ્માર્ટ વોચ જેવા ઈલેક્ટ્રોનિક ઉપકરણો સાથે લઈ જઈ શકશે નહીં. પરીક્ષા સમય દરમિયાન પરીક્ષા કેન્દ્રોના વિસ્તારમાં પરીક્ષા સાથે પ્રત્યક્ષપણે સંકળાયેલા હોય તે સિવાયના ચાર કે તેથી વધુ માણસોએ એકત્ર થવું નહીં, સુત્રો પોકારવા નહીં કે સરઘસ અથવા રેલી કાઢવી નહીં, પથ્થર કે બીજા અન્ય પ્રકારના બોથડ પદાર્થ લઈ જવા નહી તેમજ પરીક્ષા કેન્દ્રોની ૧૦૦ મીટર સુધીની ત્રિજયામાં ઝેરોક્ષ મશીન ચાલુ રાખવા નહીં તથા પરીક્ષાના દિવસે વીજ પુરવઠો ખોરવાય નહી તે માટે તા.૨૯.૦૩.૨૦૨૬ના રોજ સવારે ૦૮.૦૦ કલાકથી બપોરે ૧૬.૩૦ કલાક દરમિયાન ખોદકામ કરવું નહી. પરીક્ષાર્થીઓને ખલેલ પહોંચે તે રીતે માઈક/લાઉડ સ્પીકર/મ્યુઝીક વગાડી શકાશે નહી. તથા આ

સમય દરમિયાન સક્ષમ ઓથોરીટી દ્વારા આપવામાં આવેલ પરમીશનો આપોઆપ રદ ગણાશે.

- અપવાદ:-

આ હુકમ નીચેના અધિકારીશ્રીઓને લાગુ પડશે નહિં.

(૧) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી અને પરીક્ષા સમિતિના અધિકારીશ્રીઓ તથા પરીક્ષા કામગીરીમાં તેમજ બંદોબસ્તમાં રોકાયેલ સ્ટાફના માણસો.

(૨) સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટશ્રી, મોડાસા તથા એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટશ્રી, મોડાસા, જિ.અરવલ્લી.

(૩) ફલાઇંગ સ્ક્વોડના તમામ અધિકારીશ્રીઓ.

સદરહુ જાહેરનામાનો ભંગ કરનાર વ્યકિત પાસેથી મોબાઈલ/સેલ્યુલર ફોન/પેજર/કોર્ડલેસ ફોન/બ્લુટુથ ડીવાઈઝ/સ્માર્ટ વોચ જેવા ઈલેક્ટ્રોનિક ઉપકરણો મળી આવશે તો સ્થળ ઉપરના સુરક્ષા અધિકારી આ સાધનો જમ કરી શકશે.

આ જાહેરનામા અન્વયે અરવલ્લી જિલ્લામાં ફરજ બજાવતા ક્ષેત્રાધિકાર ધરાવતા હેડ કોન્સ્ટેબલ અને તેનાથી ઉપરના દરજ્જાના સક્ષમ સત્તા અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ -૨૨૩ મુજબ ફરિયાદ માંડવા અધિકૃત કરવામાં આવે છે.

ક્રમ	પરીક્ષા કેન્દ્રનું નામ
1	SHRI K N SHAH HIGH SCHOOL MODASA UNIT-1
2	SHRI K N SHAH HIGH SCHOOL MODASA UNIT-2
3	C G BUTALA HIGH SCHOOL, MODASA
4	SHRI H L PATEL SARSWATI HIGH SCHOOL, MODASA
5	MAKHDUM HIGH SCHOOL, MODASA
6	SHRI J B SHAH ENGLISH MED HIGH SCHOOL, MODASA
7	M R T C MADANI HIGH SCHOOL, MODASA
8	BRIGHT JUNIOR SCIENCE COLLAGE MODASA
9	GENIUS HIGH SCHOOL, MODASA
10	CHANKAY VISHVAVIDYALAY MODASA

આજરોજ તા.૨૩મી માર્ચ ૨૦૨૬ના રોજ મારી સહી તથા સિક્કો કરવામાં આવ્યો.

ડી.વી.મકવાણા
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ
અરવલ્લી-મોડાસા

Signature Not Verified
Signed by : KAPADIYA ANANDKUMAR DAHYABHAI
Manager
Government Press & Stationery, Vadodara
Date : 2026.04.24 16:22:48 IST